મધ્યસ્થ કચેરી,
તારીખ 3 NOV 1988
ક્રમ નંબર
શાખાનું નામ

REGISTERED No. G.RJ.-24

Inward No. 4224
T. P. D.
Date 3-11-88

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL-XXIX] FRIDAY, OCTOBER 28, 1988/KARTIKA 6, 1910 [No. 26

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

# PART-II EXTRAORDINARY

સુરત મહાનગરપાલિકા

અડાજણ વિસ્તારની સુરત નગર રચના યોજના સુરત નં. ૧૩, (અડાજણ) તૈયાર કરવા બાબત

અધિસૂચના

ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તા મંડળે તેનાં તા. ૨૭-૧-૮૪નાં ઠરાવ નં. ૬૨૬ (૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમો (નગર રચના યોજનાઓ) બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ (પ્રેસીડેન્ટ એક્ટ, નં. ૨૭) ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાએ નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિનાં ઠરાવ નં. ૧૯ તારીખ ૧૪-૧૦-૧૯૮૮થી ઠરાવ્યા મુજબ, નકશા નં. ટીપીએસ/૧૩/૮૮માં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ અડાજણના વિસ્તાર માટે ડ્રાફ્ટ નગર રચના યોજના સુરત, નં. ૧૩ તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય ચાલુ ઓફિસ સમયમાં જાહેર પ્રજાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલી છે.

પ્ર. બસુ,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

સુરત,
તા. ૨૬-૧૦-૮૮.

ઠરાવ

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિની તા. ૧૪-૧૦-૮૮નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૨૦-૯-૮૮નાં પત્ર ક્રમાંક સી.સી.સ/ ૬૨થી વિદિત થઈ, તેમાં જણાવ્યા મુજબ સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં નવી ટાઉન પ્લાનીંગ સ્કીમ બનાવવા બાબતે દરખાસ્ત સાથે રજૂ કરેલ નકશામાં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલાં વિસ્તારને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ સુરત નં. ૧૩ (અડાજણ) તરીકે પ્રસિધ્ધ કરવાનો ઈરાદો જાહેર કરવા અંગેની તથા તે અંગે અધિસૂચના ફાઈલ સાથે રજૂ કરેલ ખરડાને તથા સદર અધિસૂચનને સ્થાનિક દૈનિક પત્રોમાં બહોળો ફેલાવો કરતા ગુજરાત મિત્ર, પ્રતાપ અને ગુજરાત સમાચારમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાની અને ઈરાદો જાહેર કરાયા મુજબ તેને સરકારશ્રીના રાજપત્રમાં પ્રસિધ્ધ કરવાની મંજુરી આપવામાં આવે છે. તેમજ આ અંગેની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુનિ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૧૯ સર્વાનુમતે મંજુર

---

સુરત મહાનગરપાલિકા

રાંદેર અડાજણ વિસ્તારની સુરત નગર રચના યોજના સુરત નં. ૧૪ (રાંદેર અડાજણ) તૈયાર કરવા બાબત

અધિસૂચન

શ્રી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ

સત્તા મ.ડળે તેનાં તા. ૨૭-૧-૮૪નાં ઠરાવ નં. ૬૨૬ (૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમો (નગર રચના યોજનાઓ) બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ, નં. ૨૭) ની કલમ ૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાએ નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિનાં ઠરાવ નં. ૨૦ તારીખ ૧૪-૧૦-૧૯૮૮થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૧૪/૮૮માં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ. રાંદેર અડાજણ વિસ્તાર માટે ડ્રાફ્ટ નગર રચના યોજના નં. ૧૪ તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય ચાલુ ઓફિસ સમયમાં જાહેર પ્રજાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

પ્ર. બસુ,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

સુરત,
તા. ૨૬-૧૦-૮૮.

ઠરાવ

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિની તા. ૧૪-૧૦-૮૮નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૨૦-૯-૮૮નાં પત્ર ક્રમાંક સી.સા.સ/૬૧થી વિદિત થઈ, તેમાં જણાવ્યા મુજબ, સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં નવી ટાઉન પ્લાનીંગ સ્કીમ બનાવવા બાબતે દરખાસ્ત સાથે રજૂ કરેલ નકશામાં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ વિસ્તારને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ સુરત નં. ૧૪ (રાંદેર અડાજણ) તરીકે પ્રસિધ્ધ કરવાના ઈરાદો જાહેર કરવા અંગેની તથા તે અંગે અધિસૂચનના ફાઈલ સાથે રજૂ કરેલ ખરડાને તથા સદર અધિસૂચનને સ્થાનિક દૈનિક પત્રોમાં બહોળો ફેલાવો કરવા ગુજરાત મિત્ર, પ્રતાપ અને ગુજરાત સમાચારમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાની અને ઈરાદો જાહેર કરાયા મુજબ તેને સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવાની મંજુરી આપવામાં આવે છે. તેમજ આ અંગેની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૨૦ સર્વાનુમતે મંજુર

---

સુરત મહાનગરપાલિકા
નોટીસ નં. ૩/૮૮-૮૯

નોટીસ નં. ૩/૮૮–૮૯.—સને ૧૯૪૯ના મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકાના અધિનિયમની કલમ ૪૫૭ની પેટા કલમ (૭)ની જોગવાઈ અન્વયે સુરત મહાનગરપાલિકાના સામાન્ય સભાના તા. ૨૩–૯–૮૮ના ઠરાવ નં. ૨૦૬થી સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૮–૭–૮૮ના પત્ર ક્રમાંક : અમન/૮૦૮૮/૨૨૮૪–પી., થી વિનંતી કરી હતી તે મુજબ આર્ટીફીશીયલ લીમ્બસ મેન્યુફેક્ચરીંગ ઓફ ઈન્ડિયા, કાનપુર અથવા તો સરકારશ્રીએ જે સંસ્થાને માન્ય કરેલ હોય તેવી મોકલનાર સંસ્થાઓ કૃત્રિમ અંગો વ્હીલચેર, થ્રી વ્હીલર્સ, ઘોડી તથા યાંત્રિક થ્રી વ્હીલર્સ આયાત થાય તે માટે કમિશનરશ્રીને સંતોષ અને ખાત્રી થાય તેવું પ્રમાણપત્ર રજુ કર્યેથી ખરેખર વપરાશકારને જકાત મુક્તિ આપવા અંગે સુરત મહાનગરપાલિકાના જકાત વસુલ લેવા અંગેના નિયમો અને સ્થાયી આદેશોના નિયમ ૫ (૪૨)માં ઉમેરવાના ઈરાદાને આખરી સ્વરૂપ આપવા મહાનગરપાલિકા ઈરાદો રાખે છે. (ઠરાવની નકલ સામેલ છે.).

આથી. મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમની કલમ ૪૫૫(૧) અન્વયે નોટીસથી સર્વે સંબંધકર્તાને જાણ કરવામાં આવે છે કે જકાત માફી નિયમ ૫(૪૨)થી આર્ટીફીશીયલ લીમ્બસ મેન્યુફેક્ચરીંગ ઓફ ઈન્ડીયા, કાનપુર અથવા તો સરકારશ્રીએ સંસ્થાને માન્ય કરેલ હોય તેવી મોકલનાર સંસ્થાઓ કૃત્રિમ અંગો વ્હીલચેર, થ્રી વ્હીલર્સ ઘોડી તથા યાંત્રિક થ્રી વ્હીલર્સ આયાત થાય ત્યારે જકાત મુક્તિ આપવા અંગે જે કોઈ શખ્સને સુચનો કરવાના હોય તેઓએ નોટીસ પ્રસિધ્ધ થયા દિન–૩૦ની મુદતમાં લેખિત વાંધા અને સુચનો મ્યુ. કમિશનરને મળે તે રીતે મોકલી આપવા.

ઉપર જણાવ્યા મુજબ મુદત પછી મળેલ વાંધાં અને સુચનો પર વિચારણા થઈ શકશે નહીં.

સુરત મહાનગરપાલિકા,
સુરત, ૨૧–૧૦–૧૯૮૮.

પ્ર. બસુ,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

---

સુરત મહાનગરપાલિકાની તા. ૨૩–૯–૮૮ના રોજ મળેલી માસિક સાધારણ સભામાં નીચેનો ઠરાવ પસાર થયો હતો.

સ્થાયી સમિતિના તા. ૨૫–૮–૮૮ના ઠરાવ નં. ૧૦૪૨ થી ભલામણ કર્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૮–૭–૮૮ના પત્ર ક્રમાંક : અમન-૮૦૮૮-૨૨૮૪–પી, થી કરેલ વિનંતી અન્વયે "આર્ટીફીશીયલ લીમ્બસ મેન્યુફેક્ચરીંગ ઓફ ઈન્ડિયા, કાનપુર" તરફથી મોકલવામાં આવતા અને મહાનગરપાલિકા સુરતમાં આયાત થતાં કૃત્રિમ અંગોને માફી આપવા જકાતના નિયમોમાં નીચે જણાવ્યા મુજબ નિયમ–૫(૪૨)નો ઉમેરો કરવા કાયદા મુજબની આગળની કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને સ આપવાની મંજુરી આપવામાં આવે છે.

નિયમ–૫ (૪૨) :—

"આર્ટીફીશીયલ લીમ્બસ મેન્યુફેક્ચરીંગ ઓફ ઈન્ડીયા, કાનપુર અથવા તો સરકારશ્રીએ જે સંસ્થાને માન્ય કરેલ હોય તેવી મોકલનાર સંસ્થાઓ કૃત્રિમ અંગો વ્હીલચેર, થ્રી વ્હીલર્સ ઘોડી તથા યાંત્રિક થ્રી વ્હીલર્સ આયાત થાય તે માટે કમિશનરશ્રીને સંતોષ અને ખાત્રી થાય તેવું પ્રમાણપત્ર રજુ કર્યેથી ખરેખર વપરાશકારને જકાત મુક્તિ આપી શકાશે".

ઠરાવ નં. ૨૦૬ સર્વાનુમતે મંજૂર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT.
COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT
FROM THE DATE OF PUBLICATION ACCOMPANIED
BY THE WRAPPER